





સરદારજીએ કોલસા-ખાણો, સાફ કરી નાખી,
રાહુલ-સોનિયાજી એ કોંગ્રેસ, સાફ કરી નાખી,
સાફ કરી આણે ઇમેજ ગાંધીના ગંગાજળથી -
ને મિડિયા-મંત્રથી વિચારશક્તિ, સાફ કરી નાખી.




યુવા બેલડાં!
નવરાત્રી તો પૂરી -
હવે મળો કયાં?

ગૃહિણી ચિંતા -
આવી મોદી દિવાળી,
કરો સફાઇ..

## ચિંતન

**જવા હિ સપ્તેઃ પરમં વિભૂષણં, ત્રપાંગનાયાઃ કૃશતા તપસ્વિનઃ ।**
**દ્વિજસ્ય વિધા નૃપતેર અપિ ક્ષમા પરાક્રમઃ શસ્ત્ર બલોપજીવિનામ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા અધ્યાયનો આ શ્લોક સાત બાબતમાં આભૂષણ-વિભૂષણની વાત કરવામાં આવી છે :

(૧) ઘોડાની શક્તિ તાકાત કે એનું સાચું આભૂષણ તેનો વેગ-ગતિ છે સૌરાષ્ટ્રના ઘોડા-ઘોડીની પરીક્ષા - તેનું મૂલ્ય તેની ગતિથી થાય છે.
(૨) સ્ત્રીનું ઉત્તમ આભૂષણ એની લાજ-મર્યાદામાં રહેલું છે.
(૩) તપસ્વી તપ-ઉપાસના-આરાધના અને ખાવા-પીવાના સંયમને કારણે કૃશ-સૂકાયેલાં શરીરમાં જ તેની શોભા છે મોટાં પેટવાળા દુંદાળા તપસ્વી-સાધુ ન હોય!
(૪) બ્રાહ્મણ-પંડિત-વિદ્વાનનું આભૂષણ વિદ્યા છે.
(૫) રાજાનું આભૂષણ ક્ષમા છે.
(૬) હથિયારધારીનું આભૂષણ પરાક્રમ છે.
(૭) અને શૂરવીરનું આભૂષણ વીરતા છે.

## સુવિચાર

- મંઝીલે પહોંચે એવા જન, દોડે છે જે હાંફીને,
  શું ખાક એ પહોંચે મંઝીલ પર, ચાલે છે જે રસ્તો માપીને **- જલન માતરી**
- બાળકો આપણને સાંભળતા નથી તેની ચિંતા કરવાની જરૂર નથી, પણ બાળકો આપણને જોઇ રહ્યાં છે તેથી અવશ્ય ચિંતા કરવી જોઇએ **- એ.પી.જે. કલામ**
- પ્રેમ કદી મરતો નથી, પણ વાસ્તવિકતા એ છે કે આપણે જે પ્રેમને લાયક રહેતા નથી **- હૃદયસૂત્ર**
- મને અજ્ઞાનનું સુખ બિલકુલ મંજૂર નથી, પણ મને જ્ઞાનનું દુઃખ મળે તો એ પણ મંજૂર છે **- સરદાર પટેલ**
- ભોગથી આત્માનું શોષણ થાય છે, ત્યાગથી આત્માને પોષણ મળે છે- **વિનોભા ભાવે**
- અવસર વગરની વાત ફિક્કી લાગે છે, યુદ્ધના વર્ણનમાં શૃંગારરસની વાત આવે તો તેમાં રસક્ષતિ છે **- અરબી કહેવત**
- વિતેલા યુગના સમગ્ર શાણપણનો સરવાળો એ જ આજનું શાણપણ- **ઓસ્કાર વાઇલ્ડ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજે ગાંધીવંદના, સફાઇ, દલિતોને ઘેર ભોજન જેવા દાંભિક કાર્યક્રમો આપી 'સેવા'નો દંભ થાય છે એવી જ રીતે નાચગાન-વેશ સ્પર્ધા-માઇકના ડખા દ્વારા ધર્મપ્રચારના પાખંડ થાય છે. સાચો ધર્મ શું છે એની સમજમાં મોટી 'ગેરસમજ' ફેલાઇ છે.

રાજાએ દરેક ધર્મના વડા પીઠાધીશ-મઠાધીશ-ગાદીપતિ-મૌલવી-ઇમામ-ફકીરો દરેકને બોલાવ્યા અને સાચો ધર્મ શું છે એની સ્પષ્ટતા કરી સર્વ માન્ય એક બે સિદ્ધાંત બનાવવા બધાને પોતાનાં મંતવ્યો દર્શાવવા કહ્યું. એક વિદ્વાન કહે હું મારા ધર્મના બધાં જ ક્રિયા કર્મનું અચૂક નિયત સમયે પાલન કરું છું ભલે કોઇ પરિસ્થિતિમાં દારૂ-જુગાર-જૂઠું બોલવું પડે પણ નિયમ કદી ચૂકતો નથી.

બીજો કહે - મેં જીવન નિર્વાહ માટે ચોરી કરી છે અન્યાય-દગાબાજી કરી છે પણ સ્નાન-પૂજા-પાઠ કદી ચૂકતો નથી.

ત્રીજો કહે - મને વ્યસન અને વાસના છે, મન પર ઘણી વાર કાબૂ રહેતો નથી. ભક્તાણીઓ ઉપર જ આંખ ભગડે પણ ધર્મપ્રચાર કથા-વાર્તા સતત કરું છું, કદી ચૂકતો નથી.

ચોથો કહે-હું ધર્મમાં ચૂસ્ત, કટ્ટર છું મારા ધર્મના પ્રચાર માટે ખૂન-ખરાબા કરવા પડે તો પણ કરી નાખું પણ 'ધર્મ' સાચવી લઉં.. એક સામાન્ય જન કહે હું ધાર્મિક નથી પણ સેવા-ત્યાગ અને ઇમાનદારીમાં માનું છું... રાજાએ હાર પહેરાવી સન્માન આપ્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

# યુ-ટ્યુબ પર ગુર્જરવાણીમાં હવે ગાંધીનગરના કવિઓનું કાવ્ય પઠન જોઇ શકાય છે

**● યુ ટ્યુબ પર 'ગુર્જરવાણી'માં માણો ગાંધીનગરના કવિઓને**

ગુજરાતી કવિઓની કાવ્યવાણી હવે ઇન્ટરનેટના માધ્યમથી વિશ્વભરમાં ગુંજતી થઇ રહી છે. યુ ટ્યુબ પર ગુર્જરવાણીમાં હવે ગાંધીનગરના કવિઓનું કાવ્ય પઠન જોઇ શકાય છે. તાજેતરમાં કવિ નટવર હેડાઉ 'વન વિહારી'ની પ્રવૃત્તિ પ્રેમની સુંદર છ રચનાઓ રજૂ થઇ રહી છે. જેને ફેસબુક પર પણ જોઇ શકાય છે. કવિના સ્વરમાં રજૂ થતી કવિતાને જોવી અને સાંભળવી તે પણ એક લ્હાવો છે.

ગાંધીનગરના કવિઓ કનૈયાલાલ ભટ્ટ, ભરત કવિ 'ઉર્મિલ' અને પ્રવિણ ગઢવીના કાવ્ય રચનાઓ પણ માણી શકાય છે. તે ઉપરાંત જાણીતા કવિઓ ચિનુ મોદી, યોસેફ મેકવાન, હર્ષ બ્રહ્મભટ્ટ, લતા હિરાણીની રચનાઓ પણ તમે માણી શકો છો.

**● રાષ્ટ્રીય બાલ સાહિત્ય સમ્મેલન અને પુરસ્કાર સન્માન સમારોહ**

તાજેતરમાં સલિતા સાહિત્ય સંસ્થા સલુમ્બર અને રાજસ્થાન સાહિત્ય અકાદમી ઉદેપુરના સંયુક્ત ઉપક્રમે જિલ્લા સાર્વજનિક પુસ્તકાલય રા.ઉ.મા. વિદ્યાલય પરિસર સલુમ્બર રાજસ્થાન ખાતે બાલ સાહિત્યકાર સંમેલન તા. ૨૦,૨૧ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ યોજાયું હતું.



તેનો પ્રારંભ બાળકોની કાવ્યગોષ્ઠી દ્વારા થયો હતો. પ્રકાશાનન્દ સ્વામી (જેતના)ના સાંનિધ્યમાં યોજાયેલ આ સંમેલનના મુખ્ય સત્રનો વિષય હતો 'આધી આબાદીકા હિન્દી બાલ સાહિત્ય લેખન' તેના મુખ્ય અતિથિ પદે ઉદયપુરના સાંસદ અર્જુનલાલ મીણા ઉપસ્થિત રહ્યા હતા. જયારે અધ્યક્ષ મંડળમાં વ્રજ ભાષા અકાદમી રાજસ્થાનના પૂર્વ અધ્યક્ષ ગોપાલ પ્રસાદ મુદ્ગલ ગુજરાત સાહિત્ય સંગમના મહાસચિવ નટવર હેડાઉ, બાલ વાટિકા (ભીલવાડા)ના સંપાદક ડો. ભેરુલાલ ગર્ગ, એચ.ટી. મીડિયા (નવી દિલ્હી)ના અનિલ જયસ્વાલ તેમજ સલુમ્બર નગર પાલિકાના અધ્યક્ષ નંદલાલ સુથાર અને મુંબઇના જાણીતા વ્યવસાયી દિનેશ મેવાડી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે બીજ વક્તવ્ય પ્રો. ડો. પ્રભા પંત M.B.G.P.G કોલેજ હલ્દાની (નૈનીતાલ) એ આપ્યું હતું. અને મંચસ્થ મહાનુભાવો દ્વારા 'સલિલ પ્રવાહ' સ્મૃતિગ્રંથ તેમજ બાલ સાહિત્યના પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, તેમજ પુસ્તકો અને સામયિકોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. પ્રથમ સત્રના આ કાર્યક્રમનું સંચાલન ભીલવાડાના પ્રખ્યાત કવિ પ્રહલાદ પારીક દ્વારા કરવામાં આવ્યું હતું.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

બીજા સત્રનો વિષય હતો 'ગઢતી હૈ બચપન કવિતા કે સંગ' અંગે શ્રીમતી આશા પાન્ડે ઓઝા અને શ્રીમતી અનુશ્રી રાઠોડે વકતવ્ય આપ્યા હતા. આ સત્રનું સંચાલન બીકાનેરના શ્રીમતી મોનિકા ગૌડ દ્વારા કરવામાં આવ્યું હતું.

ત્રીજા સત્રનો વિષય હતો 'તરાશની હૈ જીવન કહાની કે સંગ' અંગે ગઢવાલથી ઉપસ્થિત રહેલ મનોહર મચોલી 'મનુ' એ વિદ્વતાપૂર્વક વક્તવ્ય આપ્યું હતું. આ સત્રનું સંચાલન (દૌસા)થી પધારેલ કવિ સંજીવ 'અંજુમે' કર્યું હતું.

તે પછી અખિલ ભારતીય કવિ સંમેલન રાખવામાં આવ્યું હતું તેમાં દેશનાં જુદા જુદા ભાગમાંથી આવેલા કવિઓ નીરજ પંત (સલમોડા) ભવ્યા વિષ્ટ (હલ્દાની), રજનીકાંત શુક્લ (ગાઝીયાબાદ) નટવર હેડાઉ (ગાંધીનગર) રામ સહારે ગોપાલ (સિંભાવલી) મોમ્મહદ શાઝીદ ખાન (શાહજહાપુર) રમાશંકર કાંત (જયપુર) ચેતા ઉપાધ્યાય (અજમેર) વિષ્ણુ પ્રસાદ ઉપાધ્યાય (પાલી)ષ રચના ગૌડ ભારતી (કોટા) પં. નંદકિશોર 'નિર્ઝર' (ચિત્તોડગઢ) રાજકુમાર 'રાજન' લક્ષ્મીલાલ બૈરાગી, રેણુ સિરોયા 'કુમુદીની' ઉદયપુર, દિપક નગાઇચ - ડુંગરપુર, હર્ષિલ પાટીદાર (બાંસવાડા), દિપીકા દીક્ષિત (દૌસા), અમિત નોહર, કીર્તિ શર્મા અને શિવચરણ 'શિવા' તેમજ બનવારી લાલ પારીકે પોતાની કાવ્ય રચનાઓનું પઠન કર્યું હતું.

બીજા દિવસે સવારે હાડીરાણીની પ્રતિમાને પુષ્પાંજલિથી કાર્યક્રમની શરૂઆત થઇ હતી. ડોક્યુમેન્ટરી ફિલ્મ 'સફરનામા સલિલા સંસ્થા કા યુગ યુગીન સલુમ્બર' ડો. વિમલા ભંડારી દ્વારા પ્રદર્શિત કરવામાં આવી હતી.

પુરસ્કાર અને સન્માન સમારોહમાં અધ્યક્ષ પદે સલુમ્બરના ધારાસભ્ય અમૃતલાલ મીણા પધાર્યા હતા. જયારે અતિથિ વિશેષ (મેડતા સીટી) ના ડો. અશોક ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહના અધ્યક્ષ મંડળમાં ડો. દિવિક રમેશ (દિલ્હી), સંજય શાસ્ત્રી (કોલકાત્તા), ડો. જયોતિ પુંજ (ઉદયપુર) ગોવિંદ શર્મા (સંગરિયા) દિનેશ માલી (ઉડીસા), ઉદય કિરૌલા )અલમોડા) એ મંચ શૌભાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી શંકુતલા સપરિયાએ કર્યું હતું.

આ પ્રસંગે સ્વતંત્રતા સેનાની ઓમકાર લાલ શાસ્ત્રીની સ્મૃતિમાં બાલ કાવ્ય, બાલકથા, બાલ નાઠક, બાલ ઉપન્યાસ, બાલપત્રિકા, બાલ પ્રતિભા પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગર (ગુજરાત)થી ઉપસ્થિત રહેલ ગુજરાત સાહિત્ય સંગમના મહાસચિવ નટવર હેડાઉને તેમના ગુજરાતી અને હિન્દી સાહિત્ય સેવાના પ્રદાન બદલ સલિલા સાહિત્ય રત્ન સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

**કાવ્ય સેતુ - વૃક્ષ અને પંખી**

*પંખીએ વૃક્ષને કહ્યું,*
*'આશરો આપ'*
*વૃક્ષે કહ્યું,*
*'એક શરતે'*
*પંખી બોલ્યું,*
*'બોલ'*
*'તારી વાણી મને આપવી પડશે!'*
*પંખીએ ખુશીથી હા ભણી*
*ત્યારથી*
*વૃક્ષ ગાતાં થયાં!*

**પતંગિયું અને પુષ્પ**

*પતંગિયાએ*
*પુષ્પને કહ્યું,*
*'તારો રસાસવ પીવા દે'*
*પુષ્પે કહ્યું,*
*'એક શરતે'*
*પતંગિયું કહે,*
*'કહે'*
*'મારો પ્રેમપત્ર*
*તારે પેલી દૂર હસી રહી*
*તે પુષ્પારાણીને પ્હોંચાડવો પડશે.'*
*પતંગિયાએ ખુશીથી કહ્યું,'*
*'કબૂલ'*
*ત્યારથી*
*પતંગિયાં*
*પુષ્પોના પ્રેમ પત્રો લઇ ઉડયા કરે છે*
*પુષ્પારાણીઓ પર!*

**- પ્રવીણ ગઢવી**

# ધર્મ કે દેવ એ મજાકનું સાધન નથી, આટલું કહી આચાર્ય સાહેબ તો વિદાય થયા, પણ તે દિવસથી મને ખાત્રી થઇ ગઇ કે હજી ઇશ્વરીય શક્તિ કામ તો કરે છે, તેની ઉપેક્ષા અવશ્ય દુઃખ જ નોંતરે...

## બનવાકાળ (ચમત્કાર)
## લઘુકથા

- અનંત ન. વ્યાસ

મિત્ર ભાલચંદ્રની આ ગામમાં બદલી થઇ છે. તેવા સમાચાર મળતાં તેને મળવા ગયો. આ ભાલભાઇ સાથે મારે જૂનો સંબંધ. અમે સાથે કોલેજ કરેલી એ સમયે ભાલભાઇ પાકા સામ્યવાદી રંગે રંગાયેલા. અમારું નાનકડું મંડળ ચાલતું તેમાં દર શનિ-રવિ ભાલભાઇ તમામ સંપ્રદાયો તથા ધાર્મિક માન્યતાની ઠેકડી ઉડાડે. તેઓ ઘણી વાર કહે, આ ધર્મે જ આપણને બાયલા બનાવ્યા છે. ધર્મ એટલે 'આ ન થાય,. પેલું ન કરાય' તેવા નિષેધો. મને જો ભગવાન એકાદવાર મળી જાય તો...? અને અમો અહોભાવથી ભાલભાઇ સામે તાકી રહીએ.

આવા ભાલચંદ્ર પાસેથી છૂટ્ટા પડ્યા તેને પંદર વરસ થઇ ગયા. આ વરસોમાં તેનો કેવો વિકાસ થયો હશે તેની ખબર નહીં. ઇશ્વર પ્રત્યેની તેની માન્યતાઓ કંઇ પરિવર્તન આવ્યું હશે કે પાકા નાસ્તિક થઇ ગયા હશે. શું ખબર... તેને મળવા ગયો અને તેને જોઇ નવાઇમાં જ ડૂબી ગયો. હજી ચાલીસીએ ન પહોંચેલા ભાલભાઇ માળા ફેરવતા હતા. ઘરમાં ભગવાન શિવનું સ્થાનક હતું તેમાં નિત્ય પૂજા થતી હશે તેમ સ્પષ્ટ જણાતું મને જોઇ બેસવાનું કહ્યું થોડીવાર નિવૃત્ત થઇ આવ્યા તો મેં પુછ્યું, 'આ શું ભાલભાઇ, તમે અને માળા... પૂજા.' કંઇ ચમત્કાર થયો કે શું? હં, ચમત્કાર કહો તો ચમત્કાર અને સંયોગ કહો તો તેમ. કાગને બેસવું ને ડાળનું પડવું, પણ કહી શકાય. પણ મારા માટે તો ચમત્કાર જ.... શું બન્યું હતું. વાત તો કરો...

જો તને તો ખબર છે કે હું... ગામની ટ્રેઝરી ઓફિસમાં કામ કરતો. ત્યાં ગામના આચાર્યશ્રીના લાંબા સમયથી રોકાયેલા નાણાં છૂટા થયાનો ઓર્ડર આવ્યો. આચાર્યશ્રી લાંબા સમયની બાકી રહેતી મોટી રકમ મળતી હતી. આ માટેનું બીલ તૈયાર કરવાનું કામ મારી પાસે હતું. જો હું સમસસર બીલ તૈયાર કરી દઉં તો આચાર્ય સાહેબને તુરંત રકમ મળી જાય ઓર્ડરની નકલ તેઓને પણ મળેલી. તેથી મને મનમાં હતું કે આ માણસ તુરતમાં તપાસ કરવા આવશે જ. નિવૃત્તિ પછી આ રકમ મળે છે, તો તેમાંથી પચ્ચીસેક હજારનો વેંત થઇ શકે. એ મળવા આવે તો દાણો દબાવી જોવો... આઠ દિવસ પસાર થઇ ગયા પણ તેઓ આવ્યા જ નહિ. મારા મનમાં ચટપટી થાય - 'આ તે કેવા માણસ છે. લાખો રૂપિયાની વાત છે. જરાંય ચિંતા નથી. કેટલું વ્યાજ જાય... વળી બે દિવસ ગયા. મને થયું. લાવ સામે જઇને મળું. પણ રૂશ્વતની વાત કેમ કરવી. કેવા માણસ છે. કદાચ ફસાઇ જઇએ તો નોકરી ખોવાનો વારો આવે.'

મેં ગામમાં તપાસ કરી. તો ખબર પડી. અતિ ઉદાર દિલના શાંતિપ્રિય માણસ છે. મનમાં એક પ્લાન ઘડાઇ ગયો. અને એક સાંજે તેમને મળવા ગયો.

આચાર્ય સાહેબે ઓળખાણ પૂછી તો મેં કહ્યું, 'હું બ્રાહ્મણ છું. મારી માતા માંદી છે. હોસ્પિટલમાં છે. દવા માટે થોડી તકલીફ છે. મારો એક મિત્ર અત્રે ટ્રેઝરીમાં કામ કરે છે. તેની મારફ્ત મને સમાચાર મળ્યા છે કે આપને મોટી રકમ મળવાની છે. આપ જો મને મદદ કરો તો હું મારા મિત્રને આપનું બીલ તુરત કરવાનું કહું. આપને વ્યાજ ન ગુમાવવું પડે.'

આચાર્ય સાહેબે મારી વાત શાંતિથી સાંભળી. પણ કહે, જુઓ તમો બ્રાહ્મણ છો હું પણ બ્રાહ્મણ છું. આ સામે આપણા ઇષ્ટદેવ ભગવાન શિવ છે. તમે આ શિવલિંગ હાથમાં લઇ સોગંદ ખાવ કે તમારી પોતાની દવા માટે નાણાં જોઇએ છે તો હું તમને આપી શકું. તમારે ઇષ્ટદેવના સોગંદ લેવાના....

ઇષ્ટદેવના સોગંદની વાત જાણી ઘડીભર તો મનમાં મુંઝવણ થઇ પણ. તને તો ખબર છે હું કયાં ભગવાનમાં માનતો. અને આપણી અદાલતોમાં ગીતાજી પર હાથ મુકનાર શું સત્ય જ બોલે છે. તેને કેમ કંઇ નથી થતું, નાણાં મળતાં હોય તો શિવના સોગંધ ખાવામાં શું વાંધો છે? તેવું વિચારીને મેં કહ્યું, આપને વિશ્વાસ ન હોય તો હું ઇષ્ટદેવના સોગંધ ખાવા તૈયાર છું અને મેં શિવલિંગ હાથમાં લઇ માતાની દવા માટે પૈસાની જરૂર છે તેવા ખોટા સોગંદ લીધા.

આચાર્ય સાહેબે મને તે જ વખતે ૨૫,૦૦૦ નો ચેક લખી આપ્યો ને કહ્યું, આ તમારી માતાની દવા માટે છે તે યાદ રાખજો. મેં વીસ વરસ રાહ જોઇ છે તો થોડા દિવસ વધારે. તે માટે આ નથી આપ્યા. મેં આચાર્ય સાહેબનો આભાર માન્યો ને ઝટ ઊભો થયો. મનમાં થતું આવા વેવલા ધાર્મિકોને કારણે જ આપણા જેવા લહેર કરે છે... મારે લાબાં સમયથી બાઇક લેવાનો વિચાર હતો. આ રકમ ખિસ્સામાં પડી કે તુરત બાઇક સાંભરી. હવે તો પસંદગી કરવા પુરતી વાત હતી કઇ બાઇલ લેવી. કયું મોડલ સારું, આપણને શું ફાવે - તેવા તરંગોમાં હું ચડી ગયો. અને જયાં રસ્તો વળ્યો મને ગમતી એજ પલ્સર મને ભેટી પડી, ઠોકર મારી રસ્તાના કાંઠે ફેંકી ચાલતી થઇ ગઇ.

હું જયારે ભાનમાં આવ્યો ત્યાં હોસ્પિટલમાં હતો. સામે આચાર્ય સાહેબ બેઠા હતા. સામે આચાર્ય સાહેબ બેઠા હતા ને માથા પાસે મારી બા ઊભી હતી. તેને જોઇ હું ધ્રુજી ઊઠ્યો ત્યાં બા કહે બેટા આ ભાઇએ મને ફોન કરી સમાચાર આપ્યા. ત્યારે મને ખબર પડી તેઓ જ તને આ હોસ્પિટલે લાવ્યા છે.

મેં આચાર્ય સાહેબ સામે જોયું, 'કાપો તો લોહી પણ ન નીકળે' તેવી મારી દશા થઇ. મારા મનમાં પ્રકાશ થયો. મેં ખોટા સોગંદ ખાધા તો ભગવાને શિક્ષા કરી. ધ્રૂજતા હાથે મેં ચેક - આચાર્ય સાહેબને પરત કર્યો તો તે કહે, હવે તો રાખો. માતાને બદલે તમારી દવા માટે જરૂર પડશે તો કામ આવશે... પણ ભાઇ. એક વાત યાદ રાખો. આપણે જ આપણા ધર્મ તથા દેવોને હલકાં પાડીએ છીએ. અન્ય કોઇ પણ ધર્મના અનુયાયી કયારેય ઇષ્ટ દેવના કે ધર્મના સોગંધ નહિ લે ને આપણે તો વાત વાતમાં - બસ તારા સમ, ભગવાનના સોગંદ બોલતાં રહીએ છીએ. ધર્મ કે દેવ એ મજાકનું શાધન નથી. આટલું કહી આચાર્ય સાહેબ તો વિદાય થયા. પણ તે દિવસથી મને ખાત્રી થઇ ગઇ કે હજી ઇશ્વરીય શક્તિ કામ તો કરે છે. તેની ઉપેક્ષા અવશ્ય દુઃખ જ નોંતરે...

# સ્ત્રી : શક્તિરૂપેણ, શ્રદ્ધારૂપેણ


## અક્ષયપાત્ર

- બકુલ દવે

**A Women can say more in sigh than a man can say in sermon.**
***- Aroold Haul Taio***

**(પુરૂષ ઉપદેશ આપી જે કહી શખે છે તે જ વાત સ્ત્રી નિઃશ્વાસ દ્વારા વધુ સચોટ રીતે કહી શકે છે)**

આંસુ હૃદયની વાણી છે ને તે સ્ત્રી માટે હંમેશા આંખવગી હોય છે. રડવાનું સ્ત્રી માટે સહજ અભિવ્યક્તિ છે ને વિપરીત પરિસ્થિતિને સહન કરવાનું - એની સામે ઝઝૂમવાનું ઔષધ પણ. આંસુ કયારેક હર્ષ બની ટપકે છે તો કયારેક નિશ્વાસ બનીને. નિશ્વાસમાંથી આવતાં આંસુ સ્ત્રી માટે અભિવ્યક્તિનું શસ્ત્ર બને છે ને શાસ્ત્ર પણ.



શાસ્ત્રોપુરાણો અને ધર્મ ત્યારે જ ઉપદેશના સ્તરે પહોંચતાં જણાય છે, જયારે એમાં ગંગા, દ્રૌપદી, કુંદી, ગાંધારી, સીતા, તારા, મંદોદરી અને શબરીના શ્વાસ સાથે નિઃશ્વાસ ઉમેરાય છે. આ નારીઓની વ્યથા-પીડા સતયુગથી છેક કળિયુગ સુધી વિસ્તરી છે. પાત્રો બદલાયાં, પણ નારીની આહ એ જ રહી. એમાંથી જ ધર્મગ્રંથોનું કાઠું ઘડાયું. ધર્મગ્રંથોના હાર્દનાં નારીનો નિઃશ્વાસ છે. વાલ્મિકી અને વેદવ્યાસે કલમ ઉપાડી. સીતાહરણથી રામાયણ રચાયું અને દ્રૌપદીનાં વસ્ત્રહરણથી મહાભારત. દ્રૌપદી, સીતા, કુંતી અને ઊર્મિલાની પીડાના તાર છેક સાંપ્રત સુધી પહોંચે છે. તે આજની નારીને પણ સ્પર્શે છે. સીતા અને દ્રૌપદીની વ્યથા એમના ચરિત્રને એટલું ઊંચે ઉઠાવે છે કે તે સ્વયં ઉપદેશથી ધોતક બની શકે છે. દુર્ગાના અવતારશી આ નારીઓમાં શબરીનું પાત્ર નોખું છે, અનોખું પણ. શબરી શ્રદ્ધારૂપેણ સંસ્થિતા છે. લાંબી પ્રતીક્ષા માટે શ્રધ્ધા અને સહનશીલતા જોઇએ.

નારીને પ્રકૃતિ કહી છે. પ્રકૃતિ છે તો પુરૂષ છે, આ સૃષ્ટિ છે ને ધર્મ પણ. ધર્મ શું છે? સ્ત્રીનું સન્માન ટકી રહે, એની ઉન્નતિ થતી રહે તેવી સ્થિતિ હંમેશાં જળવાઇ રહે તે પણ ધર્મ છે. એ રીતે ધર્મને અનુસરતો સમાજ પણ સ્વસ્થ હોય - સુખી હોય. સ્ત્રીના હૃદયમાંથી નીકળતો નિઃશ્વાસ - એની આંખમાંથી ટપકતાં આંસુ ધર્મના પાયા ડગમગાવી શકે છે. તેનાથી સૃષ્ટિનું સૌંદર્ય ઝંખવાઇ શકે છે. સ્ત્રી શક્તિરૂપા છે. એની ઉપેક્ષા એની અવહેલના પ્રકૃતિનું અપમાન છે. પ્રકૃતિ વગરનો ધર્મ ન હોઇ શકે. આ પૃથ્વી તે પણ સ્ત્રી છે, માતા છે. તે ઉર્વરા (ફળદ્રુપ) છે માટે ઉર્વી. ઉર્વીનો આદર કરીએ - એની સાથે સંવાદ જાળવી રાખીએ તો તે તારે, જિવાડે. જો તેની સાથે વિવાદ કરીએ - એટલે કે એને પ્રદૂષિત કરીએ એ તો એ વ્યથિત બની નિઃશ્વાસ નાખે, જે આપણને મારે. નારી સહનશીલતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ધરતી પણ સહનશીલ છે. આપણે એની અગ્નિપરીક્ષા લઇ રહ્યા છીએ તોપણ એ ચૂપ છે, પણ કયારેક એની ચુપકીદી નિઃશ્વાસમાં પરિણમશે તો એ પ્રલયકારી નીવડશે ને અહંકારી માણસ ખોવાઇ જશે.

નારીશક્તિનો આદર ધર્મલાભ કરાવી શકે છે. એનાથી ઉલ્ટું, એનો અનાદર ધર્મયુદ્ધ છેવડાનું કારણ બની વીર પુરૂષોને કુરૂક્ષેત્રમાં ધકેલી શકે છે. પારણામાં ઝુલાવી નિદ્રારૂપેણ સંસ્થિતાને સાર્થક કરતી નારીના હાથ સમય આવ્યે કુરૂક્ષેત્રમાં ધકેલી ચિરનિદ્રામાં પણ પોઢાણી શકે તેવા સમર્થ હોય છે. માતા-ભગિની-પત્ની અને પુત્રી એ ચારેય સંબંધે પુરૂષ નારી સાથે પવિત્ર દોરથી જોડાયેલો હોય છે. પુરૂષનું અસ્તિત્વ - એનું ખમીર ટકાવી રાખનાર આ ચાર પાયા છે. એ સંબંધો દ્વારા એ જીવનનાં અનેક રહસ્યોને પામતો રહે છે.